## જામનગર મહાનગર સેવા સદન –સ્ટોર્સ શાખા
## જામનગર

**ઓફર ફોર્મ ફી રૂા.૬૦૦/–**
**(નોન રીફન્ડેબલ)**

# ઓફર ફોર્મ

**(૧) કામનું નામ : જામનગર મહાનગર સેવા સદનની જુદી જુદી શાખાઓ હસ્તકના સ્ક્રેપ વાહનો વેચાણ કરવા માટે ઓફરથી ભાવો મંગાવવાનું કામ**

**(૨) સ્ક્રેપ વાહનની વિગત** : ક્રમ ______ નામ ______________________

વાહન નંબર ______________________

**(૩) ઓફર આપનારની વિગત** : ________________________________________

(૧) પુરૂ નામ : ________________________________________

(૨) પત્ર વ્યવહારનું સરનામું : ________________________________________

________________________________________

(૩) ફોન નંબર : ઓફીસ નં. ______________________________

મોબાઈલ નં.______________________________

ઈ–મેઈલ આડી.ઈ.ડી. :______________________

આ ઓફર ફોર્મ તા.૩૦–૦પ–૨૦૨૨ થી તા.૧૩–૦૬–૨૦૨૨ સુધીમાં ઓફીસ અવર્સ દરમ્યાન ટેન્ડર ફી ભરી મેળવી શકાશે. ઓફર ફોર્મમાં જરૂરી વિગતો અને ભાવો વિગેરે ભરી ફકત **રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી** બંધ કવરમાં અંતિમ તારીખ : ૧૮–૦૬–૨૦૨૨ ના સાંજના ૪:૦૦ કલાક સુધીમાં સ્ટોર્સ શાખા, ગ્રાઉન્ડ ફલોર, જામનગર મહાનગર સેવા સદન–૧, જામનગરને મોકલી આપવાના રહેશે. (જો તે દિવસે રજા હશે તો તેના પછીના વર્કીંગ દિવસે સાંજના ૪:૦૦ વાગ્યા સુધી તે રીતે ટેન્ડર સ્વીકારવામાં આવશે) બંધ કવરની ઉપર જે ક્રમ માટે ઓફર રજુ કરી હોય, તેનું નામ અચુક લખવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં આવેલ ફોર્મ શકય હશે તો તા.૨૧–૦૬–૨૦૨૨ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે નાયબ કમિશ્નરશ્રીની ચેમ્બર્સમાં ખોલવામાં આવશે. દરેક ઓફર ફોર્મ સાથે ઉકત વિગતોએ અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ પે–ઓર્ડ / ડીમાન્ડ ડ્રાફટ (કમિશ્નરશ્રી જામનગર મહાનગર સેવા સદનની તરફેણમાં) અથવા મ્યુનિ. ટ્રેઝરીમાં રોકેડથી ભરી તેની પંહોચ ઓફર ફોર્મ સાથે બીડવાની રહેશે. અર્નેસ્ટમની ડીપોઝીટ વગરના ભાવો માન્ય રાખવામાં આવશે નહી અને તેવી ઓફર આપોઆપ રદ ગણાશે.

## જામનગર મહાનગર સેવા સદન– સ્ટોર્સ શાખા
## જામનગર

# ભાવ પત્રક

**<u>(૪) કામનું નામ : જામનગર મહાનગર સેવા સદનની જુદી જુદી શાખાઓ હસ્તકના સ્ક્રેપ વાહનો વેચાણ કરવા માટે ઓફરથી ભાવો મંગાવવાનું કામ</u>**

**નોંધ : (એક ઓફર ફોર્મમાં નીચેના પૈકી કોઈપણ એક જ વાહન માટે ભાવ ભરી શકાશે. એકથી વધુ ભાવો માન્ય ગણવામાં આવશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી)**

ઉકત કામ માટે આ ઓફર ફોર્મની તમામ વિગતો અને શરતોએ હું / અમો સ્ક્રેપ વાહનને ખરીદ કરવા માટે નીચે મુજબની ઓફર આપીએ છીએ.

| ક્રમ | વાહનનો પ્રકાર | વાહન નંબર | અપસેટપ્રાઈઝ | ઈ.એમ.ડી. રકમ | ઓફર રકમ (રૂા.) આકડામાં |
|---|---|---|---|---|---|
| ૧ | ટાટા ઈન્ડીગો ગાડી | GJ-10-G-0638 | ૩૫૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૨ | હુન્ડાઈ વેરના ગાડી | GJ-10-G-1001 | ૫૦૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૩ | ફોર્ડ ફીએસ્ટા ગાડી | GJ-10-G-555 | ૩૦૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૪ | મારૂતિ એસ્ટીમ ગાડી | GJ-10-F-3715 | ૧૫૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૫ | મારૂતિ સુઝુકી SX4 ગાડી (એ.એમી.સી) | GJ-10-G-0777 | ૧૦૦૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૬ | મારૂતિ સુઝુકી SX4 ગાડી (ડી.એમી.સી) | GJ-10-G-1101 | ૧૫૦૦૦૦/– | ૫,૦૦૦/– | |
| ૭ | મારૂતિ સુઝુકી SX4 ગાડી(ચેરમેનશ્રી શિક્ષણ સમિતી) | GJ-10-G-1011 | ૧૦૦૦૦૦/– | ૫,૦૦૦/– | |

આમ, ઉપરોકત વિગતોએ અમો સ્ક્રેપ વાહન ક્રમ નં.______માટે કુલ રૂા.________(આકડામાં) રૂા.____________________ (શબ્દોમાં)ની ઓફર આપીએ છીએ. જે અંગે અમોએ નીચે સહી કરેલ છે.

ઓફર આપનારનું નામ
અને સહી
સ્થળ :
તારીખ :
મોબાઈલ નં.

સહી
સ્ટોર્સ શાખા
જામનગર મહાનગર સેવા સદન

**(૫) અર્નેસ્ટમની ડીપોઝીટની વિગત નીચે મુજબ છે.**

(અ) અર્નેસ્ટમની ડીપોઝીટ : પે ઓર્ડર નં. /ડી.ડી. નં. / પંહોચ નં.____________________

તા.____________________

(બ) બેંકનું નામ : ____________________________________________

બેંકનું સરનામું : ____________________________________________

(ક) રકમ રૂા. : અંકમાં ____________________________________________

શબ્દોમાં ____________________________________________

**(૬) <u>ખાસ શરતો :</u>**

(૧) ઓફર માટે મીનીમમ અપસેટ પ્રાઈઝ નકકી કરાયેલ છે. જે માત્ર અંદાજીત રકમ હોય, ઓફર ભરનાર પાર્ટીએ સ્થળ, સ્થિતિ, વાહનની કન્ડીશન વિગેરે તપાસીને ભાવો ભરવાના રહેશે. આવેલ ભાવો મંજુર કરવાની સતા મહાનગર સેવા સદનની સક્ષમ સતાની અબાધિત રહેશે.

(૨) જે કોઈ ઉચી ઓફર કરનાર નિષ્ફળ જશે તેવા સંજોગોમાં ત્યાર પછીના સેકન્ડ લોએસ્ટ ફસ્ટ લોએસ્ટના ભાવે ખરીદવાની મંજુરી આપવામાં આવશે. અને તે પણ નિષ્ફળ જશે તો જે તે આઈટમની ઓફર ફરીથી માંગવાની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગેનો નિર્ણય મ.ન.પા.ની સક્ષમ સતા દ્વારા લેવામાં આવશે.

(૩) ઓફર કરનારે ઓફર સાથે અર્નેસ્ટમનીની પંહોચ સાથે રાખવાની રહેશે. આથી પંહોચ સામેલ નહી હોય તેમના ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૪) જે કોઈ ઓફર મંજુર કરવામાં આવે તેમને મંજુરીની જાણ કરવામાં આવ્યેથી દિન–૭ માં પુરી રકમ પે ઓર્ડર / ડી.ડી.થી અચુક જમા કરાવવાની રહેશે. નિયત સમયમાં આવી રકમ જમા નહી કરનારની અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ ફોર ફીટ (જપ્ત) કરવામાં આવશે.

(૫) તમામ ૧૦૦% રકમ જમા કરાવ્યા બાદ ઓફર કરનારા દ્વારા દિન–૭ માં વાહન નહી ઉપાડવામાં આવે તો ત્યારબાદ આવા વાહનોની કોઈપણ નુકશાની માટે ખાતાની જવાબદારી રહેશે નહી.

(૬) નિયત દિન–૭ માં વાહન ઉપાડવામાં નિષ્ફળ જનારે પ્રતિ દિવસના રૂા.૧૦૦/– મુજબનો ચાર્જ ભરવાનો રહેશે.

(૭) ઓફરના ધોરણો ઓફર કરનારને બંધનકર્તા રહેશે અને તે અંગેની દરેક પાના પર સહી કરવાની રહેશે.

(૮) ઓફર કરનારે ઓફર ઉપર " જે તે વાહન માટે ઓફર" તેમ સ્પષ્ટ શબ્દોમાં લખવાનું રહેશે. વાહન નંબર /ક્રમ નંબર/વાહનનો પ્રકાર લખવાનો રહેશે.

(૯) ઓફર માટે મુકવામાં આવેલ આઈટમો મ્યુનિસીપલ પ્રિમાઈસીસમાં જયા છે તે સ્થિતિમાં ઓફર માટે મુકાયેલ છે જે સ્થળ સ્થિતિ જાણી જોઈ ભાવ ભરવાના આવશે.

(૧૦) ઈ.એમ.ડી.ની રકમ અલગથી પરત કરવામાં આવશે.

(૧૧) ઓફરની વેલીડીટી ૯૦ દિવસની રહેશે.

(૧૨) ભાવ ભરનાર પાર્ટીએ પેમેન્ટ, ડીપોઝીટ કે અન્ય કોઈ પ્રશ્ને કાનુની વિવાદ માટે ન્યાયદાન કાર્યાવહી માટે કાનુની કાર્યક્ષેત્ર "જામનગર શહેર" રહેશે.

(૧૩) ઓફર ફોર્મ ભરનારે અચુક અર્નેસ્ટમનીની રકમ રોકડથી / ડી.ડી. ભરવાની રહેશે અને તેની મુળ પંહોચ તે ઓફર સાથે રાખવાની રહેશે. અન્યથા ટેન્ડર ઓફર રદ થવાને પાત્ર રહેશે.

(૧૪) વાહનો જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં સ્વખર્ચે લઈ જવાના રહેશે અને વાહનો નિરીક્ષક માટે ઓફીસ અર્વસમાં સ્ટોર્સ શાખાનો સંપર્ક કરી શકાશે.

(૧૫) પાર્ટીના મંજુર થયેલ ભાવો ઉપરાંત જે તે સમયે ભરવાના થતા ઈન્કમ ટેક્ષ, સરચાર્જ, જી.એસ.ટી, ટી.સી.એસ, આર.ટી.ઓ. ટેક્ષીસ, વિમો વિગેરે તમામ લાગુ પડતા ચાર્જીસ ઓફર મંજુર થયેલ પાર્ટીએ અલગથી ભરવાના રહેશે.

(૧૬) દરેક સ્ક્રેપ વાહન માટે અલગ અલગ ઓફર ફોર્મ ભરવાના રહેશે. એટલે કે, વાહનો પૈકી જે વાહન / ક્રમ નંબર માટે ઓફર ફોર્મ માંગવામાં આવેલ હશે તે જ વાહન / ક્રમ નંબર માટે ભાવ ભરી શકાશે. અન્ય કે એક થી વધુ ભરેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહી.

(૧૭) જે વાહન માટે ભાવ ભરવામાં આવે તેની સામે દર્શાવેલ ઈ.એમ.ડી. ભરપાઈ કરવાની રહેશે. શરતી ભાવો માન્ય રાખવામાં આવશે નહી.

(૧૮) પાર્ટી દ્વારા વાહન દીઠ અલગ અલગ રીતે અલગ અલગ બંધ કવરમાં ભાવો ભરવાના રહેશે.

(૧૯) આ કામ અંગે કોઈપણ જાતના વિવાદ–તકરાર, લીટીગેશન ઉપસ્થિત થશે તો કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને છેવટેનો રહેશે. તેમજ કોન્ટ્રાકટમાંથી ઉપસ્થિત થતા તમામ દાવાઓ જામનગર કોર્ટના સતાધિકારને આધિન રહેશે. તેમા થનાર નાણાકીય ભારણની જવાબદારી કોન્ટ્રાકટના શીરે રહેશે.

(૨૦) આવેલ ઓફર જે તે સમયે અથવા ભરેલ રકમ પેટે કોઈપણ પ્રકારે વ્યાજ કે નુકશાની પેટે વળતર માંગી શકશે નહી.

(૨૧) આર.ટી.ઓ. લગત તેમજ અન્ય આનુસાંગિક ડોકયુમેન્ટસ લગત પાર્ટીએ પોતાના સ્વખર્ચે મેળવી લેવાના રહેશે.

ઉપરોકત તમામ વિગતોએ આ કામના ભાવો અંગેના નિયમો, શરતો અમોએ વાંચેલ છે. તે સબંધે તમામ પાનાઓ ઉપરસહી કરી આપેલ છે. આ કામના તમામ નિયમો અને શરતો અમોને બંધનકર્તા રહેશે. ઉપરોકત વિગતોની તમામ માહિતી / જાણકારી અમોએ પુરી રીતે વાંચી વિચારી સમજીને ભરેલ છે અને ત્યારબાદ ઓફર ભાવો ભરેલ છે.

| | |
|---|---|
| રજુ કરનારનું નામ | કંન્ટ્રોલીંગ અધિકારી |
| તથા સહી | સ્ટોર્સ શાખા |
| સ્થળ : | જામનગર મહાનગર સેવા સદન |
| તારીખ : | |